# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

વિદ્વિતીય વર્ષ અભ્યાસક્રમ-૬

નવંબર 2021

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં અભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. ...................... સાધુ સાધ્વીજી ભગવંતને કરાય છે.
૨. હું દિવસે...................... નું પાલન કરીશ.
૩. નરકમા તો અતિશય દુઃખ હોવાથી એમાંથી જલ્દી છૂટવાના ભાવજીવને થાય છે. તેથી તે ............... કહી છે.
૪. કોઇ થી પણ પરાજય નહીં થયેલા................... ભગવાન ને હું તત્પરતા પૂર્વક પ્રણામ કરું છું .
૫. ભોગ અને ઉપભોગ પર આપણું....................... ન હોય તો આપણે પશુ થી પણ બદતર જીવન જીવીએ છીએ.
૬. ...................... ને પશ્ચિમ દિશામાં વ્દાર ન હોવાથી પૂર્વ ઉત્તર, દક્ષિણ ત્રણ દિશાના ત્રણ વ્દાર પર એક એક ચૌમુખજી હોય છે.
૭. અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય અને અપયશ આ છ પ્રકૃતિઓ...................... કહેવાય છે.
૮. એ પદોનો અર્થ - ઇન્દ્ર, યમ, વરુણ અને કુબેર વગેરે...................... દેવો ને કોણ જાણે છે ?
૯. હું સાત વ્યસન, બાવીસ અભ્યક્ષ, બત્રીસ અનંતકાય તથા પંદર................. નો ત્યાગ કરું છું.
૧૦. કાળની અપેક્ષાએ ટૂંકુ થઇ જાય તે..................... આયુષ્ય કહેવાય છે.
૧૧. ..................... રહિત આત્મા સર્વ વ્યાપક છે. તે પુણ્ય, પાપ, કર્મ થી બંધાતો નથી.
૧૨. શ્રાવકે પ્રથમ ઉત્કૃષ્ટથી તો પ્રાસુક શુધ્ધમાન નિરવદ્ય આહાર લેવો જોઇએ પરંતુ જો તેમ ન બની શકે તો ............. તો અવશ્ય થવુ જોઇએ.
૧૩. રૂકિમ તથા.................. પર્વત ને આઠ આઠ શિખરો છે.
૧૪. તેઓ ના બેઠા પછી જ તેઓની સન્મુખ..................... પૂર્વક બેસુવુ.
૧૫. હું દરરોજ...................... ના તપસ્વીઓની અનુમોદના કરવા એક લૂખ્ખી રોટલી જરૂર ખાઇશ.
૧૬. ગુરૂએ....................... કહયા પછી પોતાનું ડહાપણ બતાવવા વિસ્તારથી બતાવે તો પણ ગુરૂની આશાતના થાય.
૧૭. મંડિત સ્વામી એ સર્વ શ્રેષ્ઠ....................... સંઘયણ વાળુ શરીર પામ્યા.
૧૮. હું શક્તિ આદિ માટે....................... દવા વાપરીશ નહીં.
૧૯. ..................... આલોચણા ગુરૂથી પહેલા લે તો આશાતના સમજવી.
૨૦. તેની સ્થિતિનું અપવર્તન થાય છે. થોડા સમયમા ભોગવી શકાય પરંતુ ..................... ન જ થાય.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. દેવગતિમાં કોઇપણ એક ભવમા જન્મ થી મરણ પર્યંત ટકાવી રાખનાર કર્મ ?
૨. જેને ખાવાથી તૃપ્તિ ન થાય અને ભૂખ પણ ભાંગે નહીં પરંતુ આરંભ ઘણો થાય અને પ્રસંગ દોષ પણ ઘણો લાગે એવી ચીજ કઇ ?
૩. ભગવાન મહાવીર ની જ હાજરીમા મોક્ષમાં જનાર ગણધર કયા ?
૪. બધા જ ૬૧ પર્વતો ઉપર છેલ્લુ શિખર શું કહેવાય છે ?
૫. ત્રસ, બાદર, પર્યાપ્ત અને પ્રત્યેક આ ચારે પ્રકૃતિઓ નો સમાવેશ શે માં થાય છે ?
૬. કલહની કાલિમા થી રહીત કયા ભગવાન છે ?
૭. દ્રવ્ય વંદન થી વધારે લાભદાયક શું છે ?
૮. ઝાડ ની ગાંઠ માંથી ગુદર ઉખાડીને તત્કાલ ખાવાથી કયો અતિચાર લાગે છે ?
૯. આ વેદ પદ દેવોની કઇ વાત ને સુચિત કરે છે ?
૧૦. જેના ભેદ ઉપભેદ ન હોય તે પ્રકૃતિને શું કહેવાય છે ?
૧૧. ગુરૂ વંદન કરવાથી પ્રાણી શે નો ક્ષય કરે છે ?
૧૨. માંસ, મદિરા, લસણ, કાંદા કયો આહાર કહેવાય છે ?
૧૩. કઇ અવસ્થાવાળો જીવ કર્મ થી બંધાય છે ?
૧૪. કયુ કર્મ જીવને ભવ માં પકડી રાખે છે ?
૧૫. પોતાની ઉપસ્થિતિ તથા કંઠસ્થ વિદ્યાથી સભાજનોને કોણ મંત્રમુગ્ધ કરી દેતા હતા ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) ઇગસટ્ઠી ૨) તિ-નવઈ ૩) અણ્ણાવિ ૪) કૂડાઇ ૫) આયવુજ્જોયં ૬) અઇરુગ્ગય ૭) મોઅં ૮) તિગ ૯) અણહં
૧૦) ફાસ ૧૧) ચિત્તિસંમ ૧૨) સુ-સરા ૧૩) સખમં ૧૪) કૂડે હિં ૧૫) મેય ૧૬) પયડિ ૧૭) વિબુહાહિવ ૧૮) તિ-સયં
૧૯) પસારણં ૨૦) ણાઇજ્જ

**પ્રશ્ન-૪ જોડક જોડો ( ફકત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) મૌર્યપુત્ર | ૧) વશિષ્ઠ | ૬) વિકથા | ૬) રોહીણી |
| ૨) પુણ્ય પ્રકૃતિ | ૨) અભક્ષ્ય | ૭) મંડિત સ્વામી | ૭) શુભ |
| ૩) ત્રસ ષટ્ક | ૩) બલકૂટ | ૮) આનુપૂર્વી | ૮) અજીતનાથ પ્રભુ |
| ૪) કર્મ રહિત | ૪) પિંડ પ્રકૃતિ | ૯) અફીમ | ૯) શ્રી સંઘ |
| ૫) ફેટા વંદન | ૫) આશાતના | ૧૦) મેરૂપર્વત | ૧૦) તિર્યંચાયુકર્મ |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જ્વાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. કેટલા પ્રહર વિત્યા બાદ દહીં છાશ અભક્ષ્ય બની જાય છે ?
૨. મૌર્યપુત્ર સ્વામીને ઉમર ના કેટલામા વર્ષે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું ?
૩. ભેદ-ઉપભેદ રહીત પ્રકૃતિઓ કેટલી છે ?
૪. સિદ્ધાયતનમાં કુલ કેટલા પ્રતિમાજી હોય છે ?
૫. ગુરૂ થી કેટલા હાથ અવગ્રહ ક્ષેત્ર થી બહાર રહીને દેશના સાંભળવી જોઇએ ?
૬. શાસ્ત્રોમાં ગુરૂની કેટલી આશાતનાઓ બતાવી છે ?
૭. આપણે પ્રત્યેક સમયે કેટલા કર્મબંધ કરીએ છીએ ?
૮. શ્રી કૃષ્ણ મહારાજાએ વંદન કરીને કેટલા નરકનું આંયુષ્ય ઓછુ કર્યું ?
૯. કેટલા શિખર સુવર્ણમય છે ?
૧૦. નામ કર્મના વધારેમા વધારે ભેદ કેટલા હોય છે ?

**પ્રશ્ન - ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. આહાર પાણીની નિમંત્રણા પ્રથમ બીજા સાધુઓને કરી પછી ગુરૂ ને કરે તો આશાતના લાગે.
૨. પાંચ તિથિ, પર્યુષણ પર્વ, આચંબિલની ઓળી વગેરે પર્વ દરમ્યાન સંપૂર્ણ બ્રહ્મચર્ય નું પાલન કરવુ જોઈ એ.
૩. ચુતર્વિધ સંઘના પ્રવર્તક મોહનીય વગેરે કર્મો થી સહિત એવા શ્રી શાંતિનાથ પ્રભુ છે.
૪. આવી રીતે એકસઠ પર્વતો પર કુલ કૂટોની સંખ્યા ચારસો અડસઠ થાય છે.
૫. અનપવર્તનીય એટલે કાલની અપેક્ષાથી ઓછુ થઈ શકે તેવુ.
૬. દુ:પકવૌષધિ ના અંતર્ગત કાંઈક પાકા અને કાંઈક કાચા એવા લીલા ચણા, પોંક, ઉબી, જુવારનો પોંક ઇત્યાદિનો સમાવેશ થાય છે.
૭. સુક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ આ ત્રણે પ્રકૃતિઓ ને સ્થિર ત્રિક કહેવાય છે.
૮. ભાવ થી વંદન કરવાને કારણે ત્રણે મુનીઓને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે.
૯. દેવતાઓને પ્રત્યક્ષ જોઇને મંડિતસ્વામી ની મહાવીર પર શ્રદ્ધા દ્રઢ થઇ ગઇ.
૧૦. વિદ્યુતપ્રભ, નિષધ અને માલ્યવંત આ દરેક પર્વત પર આઠ આઠ શિખર છે.

**પ્રશ્ન - ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. એટલે એમને અલગ ન ગણતા જો પાંચ શરીરમાંજ સમાવી લેવામાં આવે તો એ વીસ પ્રકૃતીઓ થાય છે.
૨. હું શોખ ખાતર સેન્ટ, અત્તર આદિ સુગંધી દ્રવ્યો વાપરીશ નહીં.
૩. ગુરૂની આગળ ઉભા રહેવાથી દર્શન કરવાને અંતરાય થાય તો આશાતના થાય.
૪. આકાશ રૂપ આંગણામા વિચરવાથી એકઠા થયેલા ચારણમુની ઓએ મસ્તકથી વંદેલા.
૫. વેદપદોમા જે માયાસમાન દેવોને જણાવવામાં આવ્યા છે તે દેવો નિત્ય દેવ તરીકે રહેનારા નથી.
૬. અનેક પાપસ્થાનકોથી પોતાના જીવનને મલિન બનાવે છે.
૭. શિખરો ઉપર એ એ પર્વતના અધિષ્ઠાયક દેવ દેવીના સમચોરસ પ્રાસાદ હોય છે.
૮. જે પ્રકૃતિ કહી હોય તેથી માંડી ને જેટલી સંખ્યા હોય તેટલી પ્રકૃતિઓ જાણવી.
૯. આ ચૌદ નિયમ સવારના દિવસ માટે અને સાંજે રાત્રિમાટે ધારીને પ્રતિજ્ઞા લઇને દરરોજ પાળવા.
૧૦. બીજાઓને એ સમ્યગદર્શન, જ્ઞાન, ચારિત્ર મા રમણતા કરાવી કર્મ થી મૂકાવે પણ છે.

**પ્રશ્ન - ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. શ્રી મંડિતસ્વામી ની શંકાનું સમાધાન પ્રભુએ કેવી રીતે કર્યુ ?
૨. ભોગ, ઉપભોગ પર નિયંત્રણ ન હોય તો શું થાય ? ૩) ગુરૂવંદન ના લાભ જણાવો.
૪. સિદ્ધાયતન નું વર્ણન કરો ૫) આયુષ્ય કર્મ ની વિચિત્રતા ઓ બતાવો.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com